હેઅર સલૂન અને હજામની દુકાનો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### સામાજીક અંતર

- ખુરશીઓને એવી રીતે ગોઠવો જેથી કાર્ય ક્ષેત્રો વચ્ચે ઓછામાં ઓછી 6 ફૂટની જગ્યા હોય
- ગ્રાહકોને ઓછામાં ઓછા 6 ફીટના અંતરે રહેવા પ્રોત્સાહન આપવા માટે વિઝ્યુઅલ માર્કર્સ બેસાડો
- છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો
- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવી સુવિધાઓના ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનનાં ક્ષેત્રો) જેથી 6 ફૂટનું શારીરિક અંતર જાળવી શકાય
- જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા ગ્રાહકો અને કામદારો માટે ફેસ કવરિંગ આવશ્યક કરવું
- કામદારો માટે મોજાં, ગાઉન અથવા સ્મૉક્સ અને પ્રિસ્ક્રીપ્શન પરનાં ચશ્માં, સેફ્ટી ગ્લાસ કે ગોગલ્સ પહેરવાં આવશ્યક બનાવો

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

- જ્યાં શક્ય હોય ત્યાં બંધ જગ્યાઓ માટે વાતાનુકૂલનમાં સુધારો કરો (દા.ત., બારણાં અને બારીઓ ખોલો)
- જ્યાં અનુકૂળ આવે ત્યાં વર્કસ્ટેશનો વચ્ચે ફિઝિકલ પાર્ટિશન બેસાડો (તે ઊભેલા કામદાર કરતાં ઊંચાં હોવાં જોઇએ)
- ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ માટે આગ્રહ કરવામાં આવે છે

### આરોગ્ય પ્રોટૉકોલ્સ

- સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે
- કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)
- દરેક ગ્રાહક આવે તે પહેલાં અને જાય પછી મોજાં બદલવાં અને હાથ ધોવાનું જરૂરી બનાવો
- કામદારો વચ્ચે સાધનો અને સપ્લાયની આપલેની અનુમતિ આપશો નહિ (કાતર, કાંસકા, બ્રશ, વગેરે).
- દરેક ગ્રાહક માટે ખભાના સ્વચ્છ વસ્ત્ર (કેપ્સ)નો ઉપયોગ કરો
- પ્રત્યેક ગ્રાહકની આવનજાવન વચ્ચે કામદારોએ સ્વચ્છ સ્મૉક અથવા ગાઉન પહેરવું જોઇએ. ડિસ્પોઝેબલ કેપ્સ અને સ્મૉક્સનો ઉપયોગ કરવા અંગે વિચાર કરો. ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવી કેપ્સ, ટુવાલ, ગાઉનને દરેક ઉપયોગની વચ્ચે ધોવાં જોઇએ.
- ગ્રાહકોની વચ્ચે બધાં સાધનો પર રોગાણુનાશનની પ્રક્રિયા કરો
- કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

### સ્ટાફ અને કામગીરીઓ

- સેવા માત્ર હેઅર સર્વિસીઝ પૂરતી જ મર્યાદિત રાખો (હેઅરકટ, કલર, બ્લો ડ્રાઇંગ અને ટ્રીટમેન્ટ). વાળ સિવાયની સેવાઓ માટે મંજૂરી નથી (ભમર, દાઢી કપાવવી, હોઠનું વૅક્સિંગ, મૅનિક્યોર, વગેરે)
- સુરક્ષાનાં ધોરણો અંગેની તાલીમ, સુરક્ષાની અપ-ટુ-ડેટ માહિતી અને તકેદારીઓ તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલ સુરક્ષાનાં અન્ય પગલાંઓ અંગે કામદારોને માહિતી આપો
- બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમો)
- પ્રતીક્ષા માટેના વિસ્તારો બંધ કરો અને ગ્રાહકની અપોઇન્ટમેન્ટનો સમય ન થાય ત્યાં સુધી તેઓને બહાર અથવા કારમાં રાહ જોવા માટેની વિનંતી કરો
- સેવા મેળવવા માટે ગ્રાહકો અગાઉથી અપોઇન્ટમેન્ટ લે તે જરૂરી બનાવો
- જરૂરી હોય તો કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)
- અનાવશ્યક સુવિધાઓ (સામયિકો, ગ્રાહક માટે પાણી અને કૉફી, કોટ રૂમો વગેરે) દૂર કરો
- કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે
- જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવાની રહેશે અને કાર્યસ્થળ પર સંભવિત સંપર્કોને ટ્રેસ કરવા માટે તેઓની સાથે કામ કરવાનું રહેશે અને કામદારોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપશે. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે
- સરકારી નિર્દેશોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

- સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે
- લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો
- જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

### સફાઇ અને રોગાણુનાશન

- સાઇટની અવારનવાર સફાઇ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)
- જેમાં તારીખ, સમય અને સફાઇના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઇની નોંધવહીઓ રાખો
- બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, રોલિંગ કાર્ટ, બાથરૂમ)
- કોઇ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઇ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો
- ગ્રાહકોની વચ્ચે સાધનો પર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. શૅમ્પૂ બાઉલ, ખુરશીઓ અને હેડરેસ્ટ, કાતર, કાંસકા, બ્રશ, રેઝર, સ્ટાઇલિંગ ટૂલ્સ)